BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# રહેવાસીઓ માટે વધારાના આઉટડોર અને ગૃહ મનોરંજનના કાર્યક્રમો સાથે સિટી ઓફ બ્રૅમ્પટન યોજે છે બેકયાર્ડ આઇસ રિંક પ્રતિયોગિતા

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (07 જાન્યુઆરી 2022) – આ શિયાળામાં બધા ઘરમાં અને બહાર સક્રિય રહી શકે તે માટે સીટી ઓફ બ્રૅમ્પટન પરિવાર માટે મૈત્રિપૂર્ણ પ્રવૃત્તિઓની શ્રેણી યોજી રહ્યા છે.

જો હવામાન અને બરફની પરિસ્થિતિઓ અનુકૂળ હશે તો આઉટડોર સગવડો ખુલ્લી રહેશે. સિટી ઓફ બ્રૅમ્પટન સલાહ આપે છે કે બહાર નીકળતા પહેલા રહેવાસીઓએ સ્થાનિક હવામાન પર નજર રાખવી જોઈએ. મહેરબાની કરીને નોંધ લેશો કે માંગ અને જાહેર સુરક્ષા પગલાઓના આધારે પ્રવૃત્તિઓ અને સ્થળોમાં ફેરફાર થઈ શકે છે.

**બ્રૅમ્પટન બેકયાર્ડ આઇસ રિંક પ્રતિયોગિતા**

શું આ સિઝનમાં તમે બેકયાર્ડ આઇસ રિંક બનાવી છે? ફોટો રજૂ કરીને જોરદાર ઇનામો જીતવાની તક ઝડપો – જેમકે NHLના પૂર્વ છાત્રો ડુગ ગિલમોર અને વેન્ડલ ક્લાર્ક સાથે તમારી રિંક પર એક કલાક સ્કેટ કરવું! બેકયાર્ડ આઇસ રિંક બનાવવા માટેના સૂચનો સહિત બધી વિગતો માટે અહીં ક્લિક કરો.

**આઉટડોર વૉકિંગ પ્રોગ્રામ્સ**

તાલીમ પામેલ પ્રશિક્ષકોના માર્ગદર્શન હેઠળ બ્રૅમ્પટન રિક્રિએશનના આઉટડોર વૉકિંગ પ્રોગ્રામ્સ મારફતે ચાલવા જાઓ અને રમતગમત માણો. આ પ્રોગ્રામ્સમાં ચોખ્ખા રસ્તાની જરૂર પડે છે એટલે હવામાનની અનુકૂળતાને આધારે તે ચલાવી શકાશે. નોંધણી આવશ્યક છે.

- ફેમિલી હાઇક અને સ્કેવેન્જર હન્ટ (તમામ વય)
- નોર્ડિક વૉકિંગ (ઉંમરો 14+ અને 55+)
- વૉક અને ટોન ડ્રોપ-ઇન (ઉંમરો 14+ અને 55+)

વિગતો માટે www.brampton.ca/recreation ની મુલાકાત લો.

**આઉટડોર રમતો અને પ્રવૃત્તિઓ**

રહેવાસીઓ આ શિયાળે આખા શહેરમાં આર્ચરી અને ફ્રિસ્બી ડિસ્ક ગોલ્ફ સહિત મફત આઉટડોર રમતો અને પ્રવૃત્તિઓની મઝા માણી શકશે. વિગતો માટે www.brampton.ca/recreation ની મુલાકાત લો.

**શાળા પછીના ડ્રોપ-ઈન પ્રોગ્રામ વિન્ટર-ઈન-દ-પાર્ક**

6 થી 10 અને 10 થી 14 વર્ષની વયના બાળકો અને યુવાનોને પસંદગીના સ્થળોએ ડ્રોપ-ઈન થવા આમંત્રણ છે જ્યાં પ્રશિક્ષકની આગેવાની હેઠળની આઉટડોર ગેમ્સ અને પ્રવૃત્તિઓ કરાવાશે. સંપૂર્ણ વિગતો માટે www.brampton.ca/playinthepark ની મુલાકાત લો.

**આઉટડોર સ્કેટિંગ રિંકના વિસ્તારિત કલાકો**

માઉન્ટ પ્લેઝન્ટ, ગેજ પાર્ક, ગોર મેડોઝ, ચિંગકુઝી પાર્ક, ફ્લાઅર સિટી, અર્ન્સક્લિફ અને જિમ આર્ચડેકિન ચાલુ રહેવાનો સમય સવારે 10 થી રાત્રે 10 સુધી વિસ્તારવામાં આવ્યો છે. વધારાના પ્રોગ્રામિંગમાં સામેલ છે ગોર મેડોઝ ખાતે આઉટડોર શિનિ (outdoor shinny). નોંધણી આવશ્યક નથી અને વહેલા તે પહેલાના ધોરણે રિંક ઉપલબ્ધ રહેશે. હાજર રહેનારાઓ જો બે મીટરનું અંતર જાળવી શકે તેમ ન હોય ત્યાં માસ્ક પહેરવા ભલામણ છે. વિગતો માટે www.brampton.ca/outdoorskating ની મુલાકાત લો.

**માઉન્ટ ચિંગકુઝી**

માઉન્ટ ચિંગકુઝી ડ્રોપ-ઈન સ્કિઈંગ, સ્નોબોર્ડિંગ અને ટ્યુબિંગ ખુલવાનો સમય કામચલાઉ ધોરણે 14 જાન્યુઆરી 2022નો રાખ્યો છે જેનો આધાર હવામાન અને સ્નોની પરિસ્થિતિ પર રહેશે. શાલે (chalet)માં હો (ટિકિટ ખરીદવા અને ભાડાની રકમ આપવા) ત્યારે અને જ્યારે સ્કિ-લિફ્ટ લાઈનની લાઈનમાં રાહ જુઓ ત્યારે માસ્ક પહેરવા જરૂરી છે. હાજર રહેનારાઓ જો બે મીટરનું અંતર જાળવી શકે તેમ ન હોય ત્યારે પણ માસ્ક પહેરવા ભલામણ છે. જ્યારે ખરીદીઓ અને રેન્ટલ માટે સ્કિ શાલે (chalet)ની મુલાકાત લો તે સમયે રસીકરણ સ્ટેટસની જરૂરિયાતો સહિત વધુ માહિતી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/mountching.

**રિક્રિએશનલ ટ્રેઈલ્સ અને સ્પોર્ટ્સ ફિલ્ડ્સ**

આ શિયાળે અમારી રિક્રિએશનલ ટ્રિલ્સમાં સુંદર શિયાળુ સહેલ લો અને આપણા શહેરના આઉટડોર સ્પોર્ટ્સ ફિલ્ડ્સ અને ફિટનેસ સાધનોનો આનંદ માણો. તમામ મુખ્ય રિક્રિએશનલ ટ્રેઈલ્સ અને આટડોર ફિટનેસ સાધનો ખુલ્લા રહે છે અને જાળવવામાં આવે છે. સોકર, બાસ્કેટબોલ, ટેનિસ અને બોલ હાકી (ball hockey) સહિત પસંદગીના આઉટડોર ફિલ્ડ્સ અને કોર્ટ પણ રમવા માટે ખુલ્લા રહેશે. બ્રૅમ્પટનમાં ટ્રેઈલ્સ અજમાવવા માટે www.brampton.ca/parks ની મુલાકાત લો.

**લાઈવ વર્ચુંઅલ વર્કઆઉટ્સ**

તમારા પોતાના ઘરમાંથી આરામથી પ્રશિક્ષિત ફિટનેસ પ્રશિક્ષકો સાથે મફત, 55-મિનિટના લાઈવ વર્ચ્યુઅલ વર્કઆઉટ્સમાં અમારી સાથે જોડાઓ. નીચેના વર્ગો માટે નોંધણી જાન્યુઆરી 8ના રોજ શરૂ થાય છે: પાવર સ્કલ્પ્ટ, ઝૂમ્બા, TM બૂટ કેમ્પ તેમજ ધ્યાન અને કાયાકલ્પ કરો. વધુ માહિતી માટે www.brampton.ca/recreation fની મુલાકાત લો.

**બ્રૅમ્પટન પુસ્તકાલયની એક્ટિવિટી કિટ્સ**

જાન્યુઆરી 11થી શરૂ કરીને રહેવાસીઓ બ્રૅમ્પટન લાઈબ્રેરી લેન્ડિંગ પ્રોગ્રામમાંથી સિઝનલ એક્ટિવિટી કિટ્સ માણી શકશે. સ્વનિર્દેશિત રમતો અને પ્રવૃત્તિઓ શરીર અને મનને સક્રિય રાખી શકે જે સરળ હોય છે અને કોઈપણ કૌશલ્ય સ્તર માટે પરિવર્તિત કરી શકાય છે. વધુ માહિતી માટે [www.brampton.ca/recreation](http://www.brampton.ca/recreation) fની મુલાકાત લો.

**સુવાક્યો**

"બ્રૅમ્પટન રહેવાસીઓના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે મદદરૂપ થવા પ્રતિબદ્ધ છે. આમ તો, અમે આ મુશ્કેલ સમય દરમિયાન રહેવાસીઓ માટે વધારાની આઉટડોર અને ઍટ-હોમ મનોરંજનની તકો ઊભી કરી છે જ્યારે ઘણી ઈન્ડોર સગવડો ચલાવવા પર પ્રતિબંધ છે. હું દરેકને આ શિયાળામાં આ ગમ્મતભરી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરું છું કે આ બેકયાર્ડ આઈસ રિંક ફોટો કોન્ટેસ્ટમાં ભાગ લો.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

સિટી ઓફ બ્રૅમ્પટન રહેવાસીઓ આખા શિયાળામાં સ્વસ્થ અને સક્રિય રહી શકે તેની ખાતરી કરવા માટે ગમ્મતભરી પ્રવૃત્તિઓનો ધોધ રજૂ કરી રહ્યા છે. પ્રવૃત્તિ શરીર અને મન માટે જરૂરી છે, તેથી ચાલવા જાઓ, સ્કેટિંગ અને અન્ય શિયાળુ-વિશિષ્ટ આઉટડોર પ્રવૃત્તિઓનો આનંદ માણો, વર્ચ્યુઅલ વર્કઆઉટ કરો, એક્ટિવિટી કીટ લો અને અમને તમારી બેકયાર્ડ આઈસ રિંક બતાવો!"

- *રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટનના પ્રમુખ*

"આઉટડોર વૉકિંગ પ્રોગ્રામ્સથી લઈને મફત એક્ટિવિટી કિટ્સ સાથે સીટી ઓફ બ્રૅમ્પટન આ શિયાળે તમામ વય અને ક્ષમતાઓ ધરાવતા લોકો માટે વધારાના પ્રોગ્રામ્સ યોજશે. અમે જાણીએ છીએ કે મહામારી અને લોકડાઉનો તકલીફદાયક રહ્યા છે અને એટલે અમે તમામ લોકો સક્રિય રહી શકે તે માટે મનોરંજક પ્રવૃત્તિઓ પૂરી પાડવા કાર્ય કરી રહ્યા છીએ.

- ***શેરમેન વિલિયમ્સ (Charmaine Williams)** સિટી કાઉન્સિલર વૉર્ડ 7અને 8, ઉપ-પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સીટી ઓફ બ્રૅમ્પટન*

"સિટીનો સ્ટાફ આખા વર્ષભર રહેવાસીઓ માટે સુલભ અને પરિવાર માટે મૈત્રીપૂર્ણ પ્રવૃત્તિઓ પૂરી પાડવા સમર્પિત છે. દરેક વ્યક્તિ વિશિષ્ટપણે આ સિયાળે સક્રિય રહી શકે તે સુનિશ્ચિત કરવા માટે અમે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ ઉમેરી છે."

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

# Media Release

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (Media and Commun
Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ્ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca